**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૬૨ ટકા

# શહેરમાં નાગરિકતા બીલ સામે ગણગણાટ

ગાંધીનગર, તા.૧૮

● પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશમાં અલ્પસંખ્યક લોકો જે રહેતા હતા તેમની આબાદીમાં એક કમી થઈ. અથવા તો તેમના જીવનનો અંત આવ્યો, ધર્મ પરિવર્તન થયું, શરણાર્થી બનીને એમના ધર્મ અને સમ્માનને



બચાવવા ભારત આવ્યા. નાગરિકતા બીલ આવા દરેક લોકોને એનો અધિકાર મળે તે કારણોસર જોગવાયેલ છે.

**- નિસર્ગ મહેતા**

● રાજયસભામાં પસાર થયેલું કોન્ટ્રીવર્સીયલ સિટિઝન અમેન્ડમેન્ટ બિલ જે ૧૧ ડિસેમ્બરના રોજ પસાર થયું જેનો વિરોધ આસામ, દિલ્હીમાં વધુ થયો અને આ બીલને સમજયા વગર વિરોધીઓનો વિડીયો વાયરલ થવા લાગ્યો છે. ભારત એ ભારતીઓનું ઘર છે. સીટીઝનશીપ આપવામાં કાંઈ જ ખોટું નથી. પાકિસ્તાન, અફઘાનિસ્તાન અને



બાંગ્લાદેશમાં હિંદુની સંખ્યા ઓછી છે. બીલમાં ખાસ એ કહેવાયું છે કે, જે માઈગ્રેટ થયા હોય અને સિટિઝનશીપ સાબિત ન કરી શકે તેમને આ કાયદો લાગુ પડશે. આસામમાં ઓગણીસ લાખની જનસંખ્યા પોતાની નાગરિકતા સાબિત કરવાના ડોકયુમેન્ટ બતાવી શકી નથી અને સેન્ટ્રલ ગર્વમેન્ટ ઘણા દિવસથી કાયદાઓ પાછળ ઘાટો ભોગવી રહી છે.

**- પ્રતિક લાલવાની**

● દેશવ્યાપી રાષ્ટ્રીય રજીસ્ટ્રર સિટીઝન સાથે મળીને સરકારના નાગરિકતા સુધારણા બીલનો વિરોધ કરવાના ઘણા કારણ છે. તેના વર્તમાન સ્વરૂપમાં નાગરિકતા સુધારા બીલના આર્ટીકલ ૧૯નું



ઉલ્લંઘન કરતો હોય તેવું લાગે છે જે ફકત નાગરિકોને નહીં તમામ લોકોને ભેદભાવથી સુરક્ષિત કરે છે.

**- અશ્વિન સોયા**

● તાજેતરમાં પસાર થયેલ નાગરિકતા સંશોધન બીલ ૨૦૧૯ આખા ભારત દેશ માટે એક ચિંતાનો વિષય બની ગયો છે. ખાસ કરીને આ બીલનો વિરોધ ઉત્તર-પૂર્વ રાજયો દ્વારા વધારે કરવામાં આવી રહ્યો છે. પરંતુ આ બીલની જોગવાઈ જોવા જઈએ તો છ ધર્મો પૈકી હિન્દુ, બૌધ્ધ, શીખ, પારસી, જૈન, ઈસાઈમાંથી મુસ્લિમોને પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું નથી. આમાં ચોખ્ખું બંધારણનું ઉલ્લંઘન જોવા મળે છે. ભારતના બંધારણના અનુ.૧૪માં જણાવાયુ છે કે સૌને માટે સમાન કાયદો તથા કાયદાનું રક્ષણ, પરંતુ આ બાબત બીલમાં કયાંય જોવા મળતી નથી. તથા આર્ટીકલ-૧૫ મુજબ કોઈ ધર્મ,



જ્ઞાતિ, જાતિ કે લિંગના આધારે કોઈ પણ સાથે ભેદભાવ ન કરી શકાય તે વાતનો પણ અહીં ઉલ્લંઘન થાય છે. આ બીલમાં કાયદેસર ધર્મ વિરૂધ્ધ ભેદભાવ કરવામાં આવેલો છે. મારા મતે આ બીલ ભારત તથા ભારતના દરેક નાગરિકો માટે ભવિષ્યની અંદર હજી પણ અજુકતું થાય તેની ચેતવણી આપે છે.

'ભારત સરકાર તમારો નથી આ બીલ ઉપર સારો, વિચાર ભારત દેશમાં છે એક સારો એવો પ્યાર, શા માટે પકડાવો છો તેના હાથમાં હથિયાર.'

**- મયુર બગડા**


● તાજેતરમાં સરકારે બનાવેલ કાયદો દેખીતી રીતે લઘુમતિઓ બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન, પાકિસ્તાનને નાગરિકતા આપીને તેમના રક્ષણ માટેનો જણાય છે. પરંતુ ખરેખર તે ભારતીય સંવિધાનને વિરૂધ્ધ છે. એક તરફ જયાં ભારતીય સંવિધાન દેશને બીન સાંપ્રદાયિક દેશ તરીકે પ્રસ્થાપિત કરે છે ત્યારે આ કાયદો ભારતીય



બીન સાંપ્રદાયિકતા અનુ-૧૪ હેઠળની સમાનતાના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતો જણાય છે. તદ્ઉપરાંત ભારતીય બંધારણ બનાવતી વખતે પણ બંધારણ સભાએ નાગરિકતા ધર્મના આધારના બદલે યોગ્યતાના આધારે આપવાની જોગવાઈઓને સમર્થન કર્યું હતું. તેથી જ ભારતીય બંધારણના ભાગ-૧ નાગરિકતામાં કયાંય ધર્મનો ઉલ્લેખ દેખાતો નથી આમ તે બંધારણની વિરૂધ્ધ જણાય છે.

**- અભિષેક સાગઠીયા**

● આ બીલ એ મારા મતે સરકાર દ્વારા લેવાયેલ એક જડ નિર્ણય છે. અને સરકાર આ



કાયદા વિરોધીઓ સામે દમન ગુજારી રહી છે. આ બાબતે આને તાત્કાલિક રોકવાની જરૂર છે. બાકી એ દિવસ દૂર નથી જયારે ભારત એક સરમુખત્યાર દેશ કહેવાશે.

**- અલ્ફાના મનસુરી**

● નાગરિકતા સંશોધન બીલ એ મારા મતે તો ભારતના કોઈ પણ નાગરિકને અડચણરૂપ થાય તેમ નથી. ભારતના નાગરિકે આ બાબતે ચિંતા કરવાની જરૂર લાગતી નથી. ભારતની અંદર પહોંચી જે નાગરિકો દ્વારા ઘુષણખોરી કરવામાં આવે છે તે ન થાય એ કારણોસર આ બીલ રજુ કરવામાં આવ્યું છે. ભારતના



પાડોશી દેશોમાંથી માઈનોરિટીમાં આવતા નાગરિકોને પૂરેપુરા હક્ક મળતા નથી. આથી ભારતમાં તેમને તેમના હકો મળી રહે તે માટે આ બીલ ઉપયોગી છે. આ બીલનો અભ્યાસ કરતા મને જણાય છે કે ભારતના કોઈ પણ નાગરિક સાથે કોઈ ભેદભાવ કરવામાં આવ્યો જ નથી.

**- પ્રશાંત પ્રજાપતિ**

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેકસ, સે-૧૧**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી) ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૨૦.૪૫
**મર્દાની-૨** ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૫૦, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫
**પતિ પત્નિ ઔર વો** ૧૦.૦૦, ૪.૧૫, ૧૦.૩૦
**પાનીપત** - ૧૨.૪૫, ૭.૦૦
**હેલ્લારો (ગુજરાતી)** ૫.૪૦
**કમાન્ડો ૩** - ૧૨.૨૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૨૧**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી) ૯.૩૦, ૧૨.૦૫, ૨.૪૫, ૫.૨૫, ૮.૦૫, ૨૦.૪૫ (અંગ્રેજી) ૧૦.૩૦, ૯.૩૦
**મર્દાની-૨** ૧૦.૨૫, ૧૨.૪૫, ૩.૦૫, ૮.૧૫, ૧૦.૩૫
**પતિ પત્નિ ઔર વો** ૧૦.૫૦, ૧.૩૫, ૪.૨૦, ૧૦.૧૫
**પાનીપત** ૯.૫૦, ૩.૫૫, ૧૦.૦૫
**કમાન્ડો-૩** - ૧.૧૦
**હેલ્લારો (ગુજરાતી)** ૩.૫૫

**આર વર્લ્ડ, આઈનોકસ, સે-૧૬**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (૩-ડી હિન્દી) ૧૨.૩૫, ૨.૫૫, ૫.૧૫, ૭.૪૦, ૧૦.૦૫ (અંગ્રેજી) ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૨.૧૫, ૪.૫૫, ૭.૩૫, ૯.૧૫, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો** ૯.૩૦, ૧૨.૩૫, ૩.૪૦, ૬.૩૦, ૯.૫૫
**પાનીપત** - ૧૨.૧૦, ૬.૨૫
**કમાન્ડો-૩** - ૪.૦૫

**સિટી પલ્સ, કુડાસણ**

**જુમાનજી ધ નેકસ્ટ લેવલ** (હિન્દી) ૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૦૦ (અંગ્રેજી) ૨.૪૫, ૭.૪૫
**મર્દાની-૨** ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
**પતિ પત્નિ ઔર વો** ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
**પાનિપત** ૧૨.૪૫, ૬.૩૦
**પતિ, પત્નિ ઔર વો** ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
**ચાલ જીવી લઈએ** - ૧૧.૪૫
**હેલ્લારો (ગુજરાતી)** - ૭.૩૦

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા રવિવારે અમૃત મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગર દ્વારા વરિષ્ઠ વડિલોને સન્માનવાનો કાર્યક્રમ 'અમૃત મહોત્સવ ૨૦૧૯' તા. ૨૨મી ડીસેમ્બરને રવિવારે બપોરે ત્રણ વાગે શ્રી ખીમજી વિસરામ એન્ડ સન્સ કડી સંકુલ સે-૨૩ ગાંધીનગરમાં યોજાશે. ૭૫ વર્ષ પુરા કર્યા હોય તેવા ૧૭૩ વરિષ્ઠ વડીલોનું સન્માન કરવામાં આવનાર છે. ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સંસ્થા પરિવારના સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવેલ છે.

# સીટીબસના ચાલકે બાઈકને ઢસડે રાખ્યું

### જિલ્લા પંચાયત પાસે સાંજે ટ્રાફિક સિગ્નલ ખુલતાં સર્જાયેલા અકસ્માતમાં સીટી બસ ડ્રાયવરે પોતાની ભૂલ હોવા છતાં દાદાગીરી કર્યાનો બાઈકચાલકનો આક્ષેપ : માતા-પુત્રનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના 'ચ' માર્ગ પર જિલ્લા પંચાયત પાસેના ટ્રાફિક સિગ્નલે આજે સાંજે સીટી બસના ડ્રાયવરે એક બાઈક ચાલક જે તેની માતા સાથે બાઈક પર હતો તેને હડફેટે લીધો હતો. સદભાગ્યે બાઈકચાલક અને તેની માતા નજીવી ઈજાઓ સાથે બચી ગયાં પરંતુ સીટી બસના ડ્રાયવરે બાઈક બસના આગળના ભાગે ફસાયું હોવા છતાં તેને દૂર સુધી ઢસડીને લઈ ગયો હતો. જયારે તેને આ બાબતે બાઈકચાલકે ઠપકો આપતા રીતસર ઉધ્ધતાઈભર્યા જવાબ આપી દાદાગીરી કરી હતી. અંતે ઘટના સ્થળે પોલીસ આવી પહોંચતા માંડ મામલો થાળે પડયો હતો.

બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર સાંજના આશરે સાડા પાંચ વાગ્યાના સુમારે પથિકાથી ચિલોડા તરફ જઈ રહેલ રૂટ નં. ૧૩ની સીટી બસ નં. જીજે ૧૮ એ ૪૭૩૩ના બસ ચાલકે સિગ્નલમાં રેડ લાઈટ પુરી થતા બસ ઉપાડવાની એટલી ઉતાવળ કરી હતી કે આગળ ઉભેલા એક બાઈક સવાર ધર્મેન્દ્રભાઈ વ્યાસ ઉ.વ. ૩૬ અને તેમની સાથે તેમના માતા કંચનબેન વ્યાસ ઉ.વ. ૬૦ને ટકકર વાગી હતી




અને તેઓ બાઈક સાથે પડી ગયા હતા. જો કે બંને મા -દિકરાને બસના ટાયરથી સ્હેજમાં બચી જતા કોઈ ગંભીર ઈજા નહોતી પહોંચી પરંતુ તેમના તથા આસપાસના વાહનચાલકો દ્વારા બુમો પાડી બસ ડ્રાઈવરને બસ થોભાવવા કહેવા છતાં તેણે બસ હંકારવાનું ચાલુ રાખ્યું હતું અને ઢસડાતાં બાઈક સાથે આશરે અડધા કિમી જેટલું અંતર કાપ્યું હતું. આખરે બસને રોકતા બાઈક અને દ્દશ્ય જોઈ એકઠાં થયેલા નાગરિકોએ મળીને ડ્રાયવરને ઠપકો આપતાં બસચાલકે ઉધ્ધતાઈભર્યો જવાબ આપ્યો હતો કે 'એમ તમે કહો તે રીતે બસ ના ઉભી રહે' જેવી દલીલો કરી તોછડું વર્તન કર્યું હતું તેવું ધર્મેન્દ્ર વ્યાસે જણાવ્યું હતું. ઘટના સ્થળે તું તું મૈં મૈં ચાલવા સાથે ટોળું એકત્ર થઈ ગયું હતું ત્યારે પોલીસની પીસીઆર વાન ત્યાં આવી પહોંચતા ફરજ પરના પોલીસ કર્મીઓએ મામલો થાળે પાડયો હતો. આ ઘટનામાં ધર્મેન્દ્ર વ્યાસ તથા તેમની માતાને નજીવી ઈજાઓ થતા બાઈકને નુકશાન થયું હતું પરંતુ તેમણે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

## ભારતીય પ્રશિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનો બીજો પદવીદાન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન દ્વારા તા. ૨૧ ડિસેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યે મહાત્મા મંદિર ખાતે બીજો પદવીદાન સમારંભ યોજાશે. જેમાં ગુજરાતના રાજયપાલ તથા આઈઆઈટીઈના કુલાધિપતિ આચાર્ય દેવવ્રત, ગુજરાતના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, ડૉ. મધુસુદન મકવાણા તથા કુલસચિવ ઉપસ્થિત રહેશે.



સૂકો મેવો એ ખૂબ સ્વાસ્થ્યપ્રદ છે. શરીરની ઉર્જા ટકાવી રાખવા માટે સૂકો મેવો ખૂબ જ આવશ્યક છે. શિયાળામાં કાજુ, બદામ, અખરોટ, અંજીર જેવા સૂકા મેવા આરોગવા ખૂબ જ લાભપ્રદ છે. શિયાળાની ઋતુ જામી છે ત્યારે અવનવા પ્રકારના સૂકા મેવા ખૂબ વેચાઈ રહ્યા છે. માર્ગોની આસપાસ સૂકો મેવો વચતા નાના વેપારીઓ જોવા મળી રહ્યા છે.

## એલઆરડી પરીક્ષાના મેરીટમાં અન્યાય થયો હોવાના આક્ષેપ સાથે મહિલા ઉમેદવારો આંદોલનના માર્ગે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં બિન સચિવાલય ઉમેદવારોના આંદોલનને પગલે બિન સચિવાલયની પરિક્ષા સરકારે રદ કરી છે. પરંતુ શહેરની સત્યાગ્રહ છાવણી આંદોલનકારીઓથી ભરાયેલી જોવા મળે છે. એલઆરડી પરીક્ષાના મેરીટમાં અન્યાય થયો હોવાનો આક્ષેપ સાથે એસસી, એસટી અને એસઈબીસી મહિલા ઉમેદવારો આંદોલનના માર્ગે છે.

રાજય સરકરા દ્વારા ઓગસ્ટ ૨૦૧૮માં પોલીસ વિભાગની એલઆરડી સંવર્ગની ૯૭૧૩ જગ્યાની ભરતી પ્રક્રિયા માટે જાહેરાત બહાર પડી હતી. આ ભરતીમાં મહિલાઓ માટે ૩૦૭૭ જગ્યાઓ ખાલી હતી. એલઆરડીની પરિક્ષા સરકારે ૬ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ લીધી હતી. ત્યારે આ પરીક્ષાનું મેરીટ તા.૩૧ ઓકટોબરના રોજ બહાર પાડવામાં આવ્યું છે. જેમાં ઉચ્ચ મેરીટવાળી મહિલાઓને કવોટામાં જ બેઠક ફાળવી દેવામાં આવી છે. અનામત કેટેગરીની વધુ ગુણ ધરાવતી મહિલા ઉમેદવારોનું માનવુ છે કે બિન અનામત કેટેગરીમાં સામેલ નહી કરીને તેઓ સાથે અન્યાય કરવામાં આવ્યો છે. ત્યારે જયાં સુધી આ મુદાનું નિરાકરણ નહી આવે ત્યાં સુધી તેઓ સત્યાગ્રહ છાવણી ખાતેથી ઉભા નહી થવાનો નિર્ણય કર્યો છે. એલઆરડી મહિલા ઉમેદવારોએ જિલ્લા કલેકટર, જિલ્લા પોલીસ વડાને અરજી કરી સત્યાગ્રહ છાવણી ખાતે અચોક્કસ મુદતના ધરણા માટે લેખિત મંજુરી માંગી છે.

## આજે ગાંધીનગરમાં

● સે-૧ સ્થિત સમદર્શન આશ્રમ ખાતે પૂજય ગુરૂમા સમાનંદ સરસ્વતીજીની વ્યાસપીઠે યોજાયેલ ભાગવત કથા અંતર્ગત સાંજે ૬ કલાકે કૃષ્ણ જન્મોત્સવ યોજાશે.

## ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા સ્નેહમિલન યોજાશે

ગાંધીનગર, તા.૧૮

શ્રી ડુંગરી ગરાસિયા સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા આગામી ફેબ્રુઆરી ૨૦૨૦ના સંભવત : પ્રથમ સપ્તાહમાં વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ યોજાનાર છે. જેમાં વર્ષ ૨૦૧૯ના ગાળામાં મેળવેલ શૈક્ષણિક ક્ષેત્રે તેમજ રમતગમત અને અન્ય વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર સમાજની યુવા પ્રતિભાઓ અને નવી નિમણુંક, બઢતી કે નિવૃત્તિ મેળવનાર મહાનુભાવોનો સન્માનિત કરવામાં આવશે તથાપિ આવી તમામ પ્રતિભાઓએ આધાર પુરાવા સાથેની વિગતો તેમજ સ્નેહમિલન કાર્યક્રમમાં રજુ કરવાની વ્યકિતગત કે સામુહિક સાંસ્કૃતિક કૃતિની વિગતો તા. ૧૦ જાન્યુઆરી સુધીમાં આપના વોર્ડના કારોબારી સભ્યશ્રીને રૂબરૂ પહોંચાડવા સંસ્થાના પ્રમુખ ભરતભાઈ મોડિયા દ્વારા જણાવાયું છે.

## કે.બી. ફાર્મસી કોલેજ ખાતે બે દિવસીય આંતરપ્રિન્યોરશીપ સેમિનાર સંપન્ન





ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતેની કે.બી. ફાર્મસી કોલેજ ખાતે પ્રવર્તમાન આર્થિક મંદિના સમયગાળાને લક્ષ્યમાં રાખીને બે દિવસીય આંતરપ્રિન્યોરશીપ સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

એઆઈસીટીઈ દ્વારા પ્રાયોજિત આ સેમિનારના પ્રથમ દિવસે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. એન.આર. શેઠ, એફડીસીએના પૂર્વ ડેપ્યુટી કમિશનર વી.આર શાહ, કેએસવીના ચેરમેન વલ્લભભાઈ પટેલ, ડાયરેકટર ડૉ. ગાર્ગી રાજપરા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારમાં પ્રવર્તમાન આર્થિક પરિસ્થિતિ, વ્યવસાયિક પરિબળોની અસર, ભવિષ્ય માટે સજ્જનતા વગેરે જેવા મુદ્દાઓ પર વિચાર વિનિમય યોજાયો હતો. આ ઉપરાંત વિવિધ ફાર્મસી અને માનવસંશાધન પ્રબંધકો દ્વારા પણ વિદ્યાર્થીઓને વિવિધ મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ડૉ. એમ.સી. ગોહેલ, ફરજાન ઉમર, ડૉ.શિવ પ્રકાશ, સાજન શાહ, ભૌમિક શાહ, ડૉ. પ્રશાંત શર્મા, વિપુલ પટેલ, ડૉ. શ્રી નિવાસ સાવલે, ડૉ. સાજીકુમારનો સમાવેશ થાય છે. સેમિનારના આયોજન માટે સંસ્થાના ડૉ. વિનીત મોવલીયા, ડૉ. મૈત્રેયી ઝવેરી તથા આચાર્યા ડૉ. શ્રીકલ્પ દેશપાંડે વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે વૈદિક ગણિત શિક્ષક પ્રશિક્ષણ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સેકટર-૨૦ ખાતેની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે તા. ૧૭ અને ૧૮ દરમિયાન વૈદિક ગણિત શિક્ષક પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાયું હતું. આ પ્રશિક્ષણ વર્ગમાં અમદાવાદના સાબરમતી ખાતેના હેમચંદ્રાચાર્ય ગુરુકુળના પ્રધાનાચાર્ય ડૉ. દીપક કોઈરાલા તથા યાજ્ઞવલ્કય જ્ઞાન વિદ્યાપીઠના જયેન્દ્રસિંહ રાઠોડે ઉપસ્થિત રહી પ્રશિક્ષણ પુરું પાડયું હતું.




વૈદિક ગણિત શિક્ષક પ્રશિક્ષણ વર્ગના પ્રારંભે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે ભારતીય પ્રજ્ઞા અંગે વાત કરતા જણાવ્યું હતું કે 'અર્વાચીન અને પ્રાચીન જ્ઞાનના સમન્વય દ્વારા જ ભારતને વિશ્વ ગુરુ બનાવી શકાશે. આપણા આર્ષદૃષ્ટા ઋષિમુનિઓએ જે વૈજ્ઞાનિક દર્શન આપ્યું છે જેનું માહાત્મ્ય સમજી તેને યુગાનુકુલ બનાવવાનું દાયિત્વ આપણું છે.' વૈદિક ગણિત શિક્ષક પ્રશિક્ષણ વર્ગમાં કુલ ૩૦ શિક્ષકો સહભાગી બનવા સાથે ગર્ભસંસ્કાર કાર્ય સાથે સંકળાયેલા ત્રણ પરામર્શક મહિલા કર્મચારીઓ પ્રતિભાગી તરીકે જોડાયા હતા. પ્રશિક્ષણ વર્ગના બંને દિવસ તજજ્ઞ તરીકે જયેન્દ્રસિંહ રાઠોડ અને મીત મોદીએ કાર્ય કર્યું હતું. આજે સમાપન સત્રમાં સહભાગી-પ્રતિભાગીઓના પ્રતિભાવો મેળવી તેમને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા.